૨૦

નિર્મળ ગુજરાત વર્ષ-૨૦૦૭ અન્વયે પંચાયતી રાજ સંસ્થાઓમાં સ્વચ્છ ગામ સ્વસ્થગામ સહિતની જુદી જુદી યોજનાઓના સંકલનથી એ.પી.એલ. કુટુંબો દ્વારા શૌચાલય બનાવવા બાબત.

ગુજરાત સરકાર.
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૩-૬-૨૦૦૭.

વંચાણમાં લીધાઃ-

૧. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રઃપરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ. તાઃ૩-૨-૦૭.
૨. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રઃપરચ-૨૦૦૬-૧૮૧૧-ચ. તાઃ૨૧-૩-૦૭.
૩. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના તાઃ૨૨-૧૨-૦૬ ના પત્ર ક્રમાંકઃવિક-કાર્યક્રમ-૧-વશી-૦૬
૪. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રઃપરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ. તાઃ૨૪-૪--૦૭.

ઠ રા વ :-

નિર્મળ ગુજરાત-૨૦૦૭ અંતર્ગત પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગ્રામ વિકાસ પ્રભાગ સહિત જુદી જુદી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને રાજય સરકારની યોજનાઓ તેમજ રાજય સરકારના ખાસ અનુદાન દ્વારા સ્વચ્છતાલક્ષી કામગીરીના કાર્યક્રમોમાં પ્રત્યેક ગામના બીપીએલ કુટુંબો સિવાયના એપીએલ કેટેગરીમાં આવતા કુટુંબો દ્વારા એપીએલ કેટેગરીના કુટુંબદીઠ શૌચાલય બનાવવાની કામગીરી નિર્મળ ગુજરાત-૨૦૦૭ હેઠળ આવરી લેવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી આ બાબતે કાળજી પુર્વકની વિચારણાને અંતે ફકત એપીએલ કુટુંબો માટ શૌચાલય બનાવવાની યોજના નીચે મુજબની કાર્યપધ્ધતિથી અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) પ્રત્યેક ગામ માટે સંદર્ભ-૪ માં દર્શાવેલ તાઃ૨૪-૪-૦૭ ના ઠરાવથી મળેલ ગ્રાન્ટનો ૧૦૦ ટકા ઉપયોગ પ્રથમ તબકકે અન્ય કોઈ હેતુ માટે ખર્ચ ન કરતા માત્ર એપીએલ કેટેગરીના કુટુંબો માટે શૌચાલય બનાવવા માટે કરવાનો રહેશે.

(૨) આ એપીએલ કેટેગરીના કુટુંબો માટે એપીએલ કેટેગરીના કુટુંબદીઠ શૌચાલય બનાવવાની આ યોજના(પ્રત્યેક શૌચાલય માટે)કુલ રુ.૧૫૦૦/- ની રહેશે. જેમાં (અ) રુ.૭૫૦/- સંદર્ભ-૪ માં દર્શાવેલ તા:૨૪-૪-૦૭ ના ઠરાવ અનુસંધાને ફાળવેલ રાજય સરકારની ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાનો રહેશે.(બ) બાકીના રુ.૭૫૦/- પૈકી રુ. ૨૫૦/- માન.ધારાસભ્યશ્રીના ફંડમાંથી/સરકારશ્રીની અન્ય ગ્રાન્ટમાંથી ફાળવવાના રહેશે. બાકીના રુ.૫૦૦/- લાભાર્થીએ શ્રમદાન દ્વારા અથવા પોતે ભોગવવાના રહેશે.માન.ધારાસભ્યશ્રીના ફંડ અંગેના હુકમો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અલગ રીતે કરવામાં આવશે.

(૩) પ્રત્યેક ગામના એપીએલ કેટેગરીના કુટુંબો કે જેમની પાસે શૌચાલયની વ્યવસ્થા ન હોય તેવા માટે શૌચાલય બનાવવાની આ યોજના કેન્દ્ર સરકારના ટોટલ સેનીટેશન કાર્યક્રમની માર્ગદર્શક સૂચનાઓ અને તે ઉપરની ગ્રામ વિકાસ પ્રભાગની સમગ્રતઃ સુચનાઓને ધ્યાને રાખીને તથા ટોટલ સેનીટેશન કાર્યક્રમમાં સુચવેલ ગ્રામ સમિતિની અનુમતિ મેળવીને હાથ ધરવાની રહેશે.

(૪) નિર્મળ ગુજરાત-૨૦૦૭ અનુસંધાને સંદર્ભ-૪ માં દર્શાવેલ તા:૨૪-૪-૦૭ ના ઠરાવથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ઉપયોગ જે તે ગામના બાકી રહેલા તમામ એપીએલ કેટેગરીના કુટુંબો માટે શૌચાલય બનાવવામાં વાપર્યા બાદ જો બચત રહે તો તે ગ્રાન્ટનો ઉપયોગ અન્ય સંદર્ભ-૪ ના ઠરાવમાં દર્શાવેલા કાર્યક્રમ માટે કરી શકાશે.

(૫) રુ. ૨ કરોડ પ્રચાર-પ્રસાર(હોર્ડિગ્ઝ અને બેનર) તેમજ મોનીટરીંગ સેલ અને અન્ય હેતુ માટે આ યોજનાના ઉપયોગમાં લેવાના રહેશે. આ રકમ પંચાયત વિભાગ/વિકાસ કમિશ્નરશ્રી હસ્તક રાખવામાં આવશે.

રાજયની તમામ ગ્રામ પંચાયતો પૈકી જે ગ્રામ પંચાયતો ઉપર સંદર્ભ-૪ માં દર્શાવેલ તા:૨૪-૪-૦૭ ના ઠરાવથી મળેલ નિર્મળ ગુજરાત-૨૦૦૭ હેઠળની પુરેપુરી ગ્રાન્ટ એપીએલ કેટેગરીના કુટુંબ માટે શૌચાલય બનાવવા માટે વાપરશે તથા તે ગામના હયાત એપીએલ કેટેગરીના કુટુંબોને શૌચાલય બનાવવાની યોજનામાં ૧૦૦ ટકા આવરી લેશે. તેવી ગ્રામ પંચાયતોને ગુજરાત ગૌરવ ગ્રામ યોજના હેઠળ આપવામાં આવતા પુરસ્કાર માટે વિચારણામાં લેવામાં આવશે.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સંદર્ભ-૪ માં દર્શાવેલ તા:૨૪-૪-૦૭ ના ઠરાવની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાંણા વિભાગની તા: ૧૨-૬-૨૦૦૭ની મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

૧૩/૬/૦૭

(બી.એ.ગામેતી)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
- માન.મંત્રીશ્રી,માન ગ્રાજય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ(તમામ)
- અગ્રસચિવશ્રી(આયોજન) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ( તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(સર્વે)
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(રાજય)(સર્વે)
- ચેરમેનશ્રી, સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત(સર્વે)
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી( રાજય)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ,
- સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,
- તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ(સર્વે) (સંબંધિત સર્વે ગ્રામ પંચાયતોને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- નાંણા સલાહકારશ્રી(પં) નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રી/સિલેકટ ફાઈલ
- સીલેકટ ફાઈલ.